# -:૨૪ જુન – સ્મૃતિ દિવસ :-

ઇતિહાસનું પુનરાવર્તન થતું રહે છે. સૃષ્ટિની ગતિ ચક્રાકાર છે. દર પાંચ હજાર વર્ષ પછી પરિસ્થિતિ ફરીથી આવે છે. વર્તમાન સમય ફરીથી ધર્મગ્લાનીનો સમય સર્વત્ર ફેલાયેલો છે. અનાચાર, અત્યાચાર, પાપાચારની બોલબાલા છે. પરમાત્માના સંતાનો દુરાચારી, પતિત અને વિકારી બની ગયા છે, એવા સમયે કલ્પ પેલાની જેમ 'નિરાકારી પરમાત્મા શિવે' એક સાત્વિક વૃતિવાળા વૃદ્ધ મનુષ્યને આદેશ આપ્યો કે, તું સ્વયં પાવન બનીને અન્ય આત્માઓને પણ પાવન બનાવવાનું દિવ્ય અલૌકિક કર્તવ્ય કર. જે થકી પાવન, સતોપ્રધાન, સતયુગી, દૈવી સૃષ્ટિની પુનઃસ્થાપના થઇ શકે. પરમાત્માએ એ વૃદ્ધ મનુષ્યનું નામ '

પ્રજાપિતા બ્રહ્મા' રાખ્યું, તથા તેમના દ્વારા પ્રાયઃલોપ 'ગીતાજ્ઞાન' અને 'સહજ રાજયોગ' નું શિક્ષણ આપીને માનવમાત્રને 'નષ્ટમોહા', સ્મૃતિલબ્ધા' બનાવવા માટે 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી.

પ્રજાપિતા બ્રહ્માની સાથે 'માંતેશ્વરીજીએ' પણ આ વિદ્યાલયના'મહાયજ્ઞ'નાં કાર્યમાં માનવમાત્રને પવિત્ર બનાવવાની અસાધારણ સેવાકરી હતી. 'જગદંબા સરસ્વતી' ના દૈવી મહિમા યોગ્ય નામ સાથે 'માંતેશ્વરીજી' એક ઉત્કૃષ્ટ, અલૌકિક અને દિવ્યકોટિનું વ્યક્તિત્વ ધરાવનાર અને બ્રહ્માંબાબાને દિન-પ્રતિદિનના પ્રશાશનમાં

મુખ્ય સહાયક રહ્યા હતા. સાધારણ પરિવારના હોવા છતાં અનેકોની તુલનામાં તેઓ પોતાની યોગ્યતાઓ અને શ્રેષ્ઠ કર્મોની ઉંચી ધારણાઓને લઈને મહાન બન્યા. ૧૮ વર્ષની ઉંમર હોવા છતાં વિદ્યાલયના દૈવી પરિવારજનોએ તેમનામાં 'જગતમાતા'નો અનુભવ કર્યો, અને ભાઈ-બહેનોની પાલના માતેશ્વરીજીએ પણ જગતમાતાના રૂપે કરી. એમનામાં એક અદભુત શક્તિ હતી, કે એકવાર થયેલી ભૂલ ફરી થતી નહોતી. એવા અથક સેવાધારી હતા. પરમાત્માના પ્રત્યેક આદેશને તેઓ તરતજ આચરણમાં મુક્તા એ તેમની વિશેષતા હતી. તેઓ અતિ મધુર અને સ્નેહી હતા. તેઓ રોજ વહેલી સવારે અમૃતવેળાએ ઉઠતા હતા. અને પરમાત્મા સાથે આત્મિક સંબંધની અનુભૂતિમાં લવલીન થઇ જતા હતા. એમનામાં એક અદ્વિતીય વિશેષતા એ પણ હતી કે, જયારે તેઓ કોઈ 'ઈશ્વરીય જ્ઞાન બિંદુને' સ્પષ્ટ કરતા તો એમની વાણી ગંગાજળ સમાન વહેતી થતી હતી, જે સત્યતાના આધાર પર સર્વને સ્પષ્ટ થતું હતું. તેઓ જયારે વીણાના વાજિંત્ર પર શૂર મેળવતા ત્યારે સૂરીલા અવાજમાં ખૂબ સુંદર પરમાત્માના મહિમા યોગ્ય ગીતો પણ ગાતા હતા. એમણે ભાઈ-બહેનોને પોતાના વ્યક્તિગત જીવનના આધારથી 'વિશ્વસેવાધારી' બનવાનું જ્ઞાન પણ આપ્યું. બ્રહ્માંબાબા સમાન માંતેશ્વરીજી પણ વિશ્વ સેવાધારી હતા. અન્યોને પણ આપસમાન બનાવવા માટે હમેશા તત્પર રહેતા. વિદ્યાલયના દૈવીપરિવારના પરિવારના તેઓ, પરમાત્માએ

આપેલ ‘જ્ઞાનની દૈવી સરસ્વતિ’નું ઉચ્ચતમપદ પામ્યા. એવા માંતેશ્વરીજીએ ૨૪મી જુન ૧૯૬૫ ના દિવસે લગભગ ૪૭ વર્ષની ઉમરે તેમણે તેમના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. વિદ્યાલયના ભાઈ-બહેનો ૨૪મી જુન માતેશ્વરી-જગદંબા-સરસ્વતીને ‘મમ્મા’ના પ્રેમાળ ઉદબોધન સાથે ‘મમ્મા ડે’ તરીકે આજે પણ સ્નેહના આંસુઓની માળા સાથે એમણે કરેલ શ્રેષ્ઠ કર્મોની વિશેષતાઓને જીવનમાં ધારણ કરવાના દ્રઢ નિર્ધારના શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

-:ઓમ શાંતી :-